# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

### આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

*****************************************************

1) ચૂંટણી પંચે આજે ગુજરાત સહિત 12 રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણાની જાહેરાત કરી

2) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું , વિશ્વએ આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા દર્શાવવી જોઈએ

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , આગામી પાંચ વર્ષમાં સહકારી ધોરણે દરિયામાં માછીમારી કરતાં 200 જહાજનું વિતરણ કરવાની સરકારની યોજના

4) કેન્દ્ર સરકારે ઇલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદનના સાત પ્લાન્ટને મંજૂરી આપી

5) ઉત્તરપ્રદેશના અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ સંબંધિત તમામ કામ પૂર્ણ

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# FUR. REV.EC - SIR

ચૂંટણી પંચે આજે જાહેરાત કરી છે કે બીજા તબક્કામાં 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારણા- SIR હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચે જણાવ્યું , આ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આંદામાન અને નિકોબાર ટાપુઓ , લક્ષદ્વીપ, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, પુડુચેરી, રાજસ્થાન, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા , મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે આ સુધારાનો હેતુ મતદાર યાદીઓને વધુ પારદર્શક અને ભૂલમુક્ત બનાવવાનો છે.

(બાઇટ- GYANESH-ON-12-STATES)

શ્રી કુમારે જણાવ્યું હતું કે , SIR ના બીજા તબક્કામાં 51 કરોડ મતદારોને આવરી લેવામાં આવશે. તેમણે જાહેરાત કરી હતી કે SIR યોજાનાર તમામ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓ આજે રાત્રે મધ્યરાત્રિથી સ્થિર કરાશે. શ્રી કુમારે જણાવ્યું હતું કે , ગણતરી ફોર્મ છાપવાનું અને બૂથ લેવલ અધિકારી-BLO ની તાલીમ આવતીકાલથી શરૂ થશે. તેમણે જણાવ્યું હતું કે , ગણતરી પ્રક્રિયા 4 નવેમ્બરથી એક મહિના માટે શરૂ થશે , ડ્રાફ્ટ યાદીઓ 9 ડિસેમ્બરે અને અંતિમ મતદાર યાદીઓ 7 ફેબ્રુઆરીએ પ્રકાશિત કરાશે.

(બાઇટ- GYANESH-ON-DOCUMENTS)

. . . . . . .

# JAISHANKAR- EAST ASIA SUMMIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે વિશ્વએ આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા દર્શાવવી જોઈએ. તેમણે જણાવ્યું છે કે આ ખતરો વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે સૌથી મોટા જોખમોમાંનો એક છે. તેમણે આજે મલેશિયાના કુઆલાલંપુરમાં 20મા પૂર્વ એશિયા શિખર સંમેલનને સંબોધિત કરતી વખતે આમ જણાવ્યું હતું. શ્રી જયશંકરે કહ્યું કે આતંકવાદ સામે સંરક્ષણના અધિકાર સાથે ક્યારેય સમાધાન ન કરી શકાય અને વૈશ્વિક સમુદાયને તેની સામે સામૂહિક રીતે કાર્યવાહી કરવા વિનંતી કરી.

શ્રી જયશંકરે જાહેરાત કરી હતી કે વર્ષ 2026ને આસિયન-ભારત દરિયાઈ સહયોગના વર્ષ તરીકે ઉજવવામાં આવશે.

. . . . . . . . . . .

# REV. JAISHANKAR-MEETINGS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે કુઆલાલંપુરમાં આસિયાન 2025ની બેઠકો દરમિયાન ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સન સાથે મુલાકાત કરી હતી. ડૉ. જયશંકરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તરફથી શુભેચ્છાઓ આપી હતી. તેમણે દ્વિપક્ષી સહયોગને આગળ વધારવા અને મુક્ત ઇન્ડો-પેસિફિકને પ્રોત્સાહન આપવાની શ્રી લક્સનની પ્રતિબદ્ધતાને આવકારી.

ડૉ. જયશંકરે તેમના મલેશિયન સમકક્ષ મોહમ્મદ હાજી હસનને પણ મળ્યા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે તેમની ચર્ચા બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગમાં પ્રગતિ પર કેન્દ્રિત હતી. મુલાકાત દરમિયાન બંને નેતાઓએ મ્યાનમારની પરિસ્થિતિ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

. . . . .

# EVE AMIT SHAH - MAZAGAON

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે માહિતી આપી હતી કે સરકાર આગામી પાંચ વર્ષમાં દેશભરમાં સહકારી ધોરણે ઊંડા દરિયામાં માછીમારી કરતાં અંદાજે 200 જહાજોનું વિતરણ કરવાની યોજના બનાવી રહી છે. મુંબઈના મઝગાંવ ડોક ખાતે બે માછીમારી જહાજોનું વિતરણ કર્યા બાદ અને પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ લાભાર્થીઓને જહાજ નોંધણી પ્રમાણપત્રો અને જહાજોની ચાવીઓ સોંપ્યા બાદ શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે , સરકારનો ઉદ્દેશ ભારતના માછીમારી ઉદ્યોગને મજબૂત કરવા અને મહેનતુ માછીમારો સુધી નફો પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે દરિયાઈ પેદાશોના સંગ્રહ , પ્રક્રિયા અને નિકાસને સરળ બનાવવા માટે એક વ્યાપક યોજના રજૂ કરવાનો પણ છે.

ભારતના વિશાળ દરિયાકાંઠાના મહત્વ પર પ્રકાશ પાડતા શ્રી શાહે કહ્યું કે તેમાં અપાર શક્યતાઓ અને સંભાવનાઓ રહેલી છે. તેમણે વધુમાં માહિતી આપી કે 2014 માં ભારતનું દરિયાઈ ઉત્પાદન 102 લાખ ટન હતું , જે હવે 195 લાખ ટન સુધી પહોંચી ગયું છે.

. . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . .

# ASHWINI- ECMS APPROVAL

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે આજે ઇલેક્ટ્રોનિક ઘટકો ઉત્પાદન યોજના- ECMS હેઠળ સાત પ્લાન્ટને મંજૂરી આપી છે. આ તમામ અરજીઓમાં કુલ પાંચ હજાર 532 કરોડ રૂપિયાનું રોકાણ અને 44 હજાર 406 કરોડ રૂપિયાનું અપેક્ષિત ઉત્પાદન સામેલ હતું. આ પરિયોજનાઓથી પાંચ હજારથી વધુ સીધી રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

આજે નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ઇલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદનના સાત પ્લાન્ટને મંજૂરી આપવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્લાન્ટ સ્થાનિક માંગને પૂર્ણ કરશે.

(બાઇટ : ASHWINI VAISHNAW)

આ પ્લાન્ટ તમિલનાડુ , આંધ્રપ્રદેશ અને મધ્યપ્રદેશમાં સ્થાપિત કરાશે , જેનાથી ભારતની પ્રાદેશિક ઉત્પાદન અને સંતુલિત ઔદ્યોગિક વૃદ્ધિ વધુ મજબૂત થશે.

. . . . . .

# UP-RAMMANDIR

ઉત્તરપ્રદેશમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રએ જાહેરાત કરી છે કે અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ સંબંધિત તમામ કામો પૂર્ણ થઈ ગયા છે.
એક સોશિયલ મીડિયા સંદેશમાં તીર્થ ક્ષેત્રએ જાહેરાત કરી હતી કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 25 નવેમ્બરે મંદિરની ટોચ પર ધજા લહેરાવશે.

. . . .

# SHIVRAJ- NSC

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય બીજ નિગમ-NSC ના અત્યાધુનિક બીજ પ્રક્રિયા પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું. ઉદ્ઘાટન સમારોહને સંબોધતા , શ્રી ચૌહાણે ભાર મૂક્યો કે આ પ્લાન્ટ ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાવાળા બીજની સરળતાથી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે , જેનાથી કૃષિ ઉત્પાદકતામાં નોંધપાત્ર વધારો થશે. કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે ગુણવત્તાયુક્ત બીજની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી જરૂરી છે કારણ કે મંત્રાલયને નકલી અને નીચી ગુણવત્તાવાળા બીજ સંબંધિત ફરિયાદો મળી રહી છે.

શ્રી ચૌહાણે બરેલી , ધારવાડ, હસન, સુરતગઢ અને રાયચુરમાં સ્થિત પાંચ NSC બીજ પ્રક્રિયા પ્લાન્ટનું પણ વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું. આ સંદર્ભમાં , તેમણે નોંધ્યું કે પુસામાં બીજ ભવન પ્રતિ કલાક એક ટન પ્રક્રિયા કરવાની ક્ષમતા ધરાવે છે, જ્યારે અન્ય પાંચ પ્લાન્ટ પ્રતિ કલાક ચાર ટન પ્રક્રિયા કરી શકે છે.

. . . . . . . . .

# PREZ-IPS OFFICERS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું કે યુવા અધિકારીઓના નેતૃત્વમાં ભવિષ્ય માટે તૈયાર પોલીસ દળ વિકસિત ભારતના નિર્માણમાં મુખ્ય ભૂમિકા ભજવશે. સુશ્રી મુર્મુ એ નવી દિલ્હીમાં ભારતીય પોલીસ સેવા 2024 બેચના પ્રોબેશનરોને સંબોધન કરતી વખતે આ વાત કહી. તેમણે ઉમેર્યું હતું કે, જે યુવા અધિકારીઓ ટૂંક સમયમાં સત્તા અને સત્તાના હોદ્દાઓ પર બિરાજમાન થશે તેમણે ધ્યાનમાં રાખવું જોઈએ કે સત્તા સાથે જવાબદારી પણ આવે છે.

ટેકનોલોજીએ પોલીસિંગમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે તે બાબત પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિ મુર્મુએ જણાવ્યું હતું કે ડિજિટલ ધરપકડ એ આ દિવસોમાં નાગરિકો માટે સૌથી મોટા જોખમોમાંથી એક છે.

. . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ , પૂર્વ રાજસ્થાન, ગુજરાત, કેરળ, માહે, કોંકણ, ગોવા, ઓડિશા, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને દરિયાકાંઠાના કર્ણાટકના   કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે . છત્તીસગઢ, કર્ણાટક, તેલંગાણા અને પશ્ચિમ મધ્યપ્રદેશમાં પણ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને કોંકણ અને ગોવામાં આજે ગાજવીજ અને વીજળી પડવાની આગાહી કરી છે.

. . . . . .

# VP- SEYCHELLES VP

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન આજે સેશેલ્સ પ્રજાસત્તાકના ઉપરાષ્ટ્રપતિ - ચૂંટાયેલા શ્રી સેબેસ્ટિયન પિલ્લેને સ્ટેટ હાઉસ ખાતે મળ્યા હતા . એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી રાધાકૃષ્ણને કહ્યું કે તેમની ચર્ચા ભારત-સેશેલ્સના બહુપક્ષીય સંબંધો પર કેન્દ્રિત હતી, જે સહિયારા વારસા, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો પર આધારિત છે . ઉપરાષ્ટ્રપતિએ શ્રી પિલ્લૈને તેમના સફળ કાર્યકાળ માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

. . . . . . . . . . . . .